જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૮/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૮૩ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૯ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૩૦,૨૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૩૪/૨૦૨૬**

ખોખરાઃ શરદભાઇ હરીશભાઈ પટેલ (ઉ.વ.૩૭)(રહે. જીવણપાર્ક સોસાયટી, સમ્રાટનગરની બાજુમાં, ઘોડાસર ઈસનપુર) એ તા.૧૫/૦૮/૨૦૨૬ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૪ થી તા.૨૨/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન શરદભાઇની સી.ટી.એમ, સેલ પેટ્રોલપંપની બાજુમાં, અનમોલ આગન ફસ્ટ ફ્લોર “ઓમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર” નામની ભાગીદારી પેઢીની એકાઉન્ટન્ટની ઓફિસ ખાતે એકાઉન્ટન્ટ તરીકેની ફરજ બજાવતા આરોપી માર્મિક મહેશકુમાર પંડ્યા (રહે.પંચતીર્થે ફલેટ સિધ્ધીવિનાયક ફલેટની બાજુમાં દક્ષિણી સોસાયટી મણિનગર) એ પોતાના હોદ્ધાનો દુરૂપયોગ કરી શરદભાઇએ આપેલા ચેક વેપારીઓને આપવાને બદલે, શરદભાઇ પટેલની પેઢીના વેપારીઓના હોય તેવા અન્ય લોકોના ખાતામાં ચેક દ્વારા વારંવાર રૂપિયા મોકલી આપી કુલ રૂપિયા ૧,૨૩,૧૧,૯૪૧/– ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.સાવલીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૩૫/૨૦૨૬**

અમરાઇવાડીઃ અર્પિતભાઇ મહેશભાઇ પટેલ (રહે. અજય ટેનામેન્ટ વિભાગ–૨ ભરત પાર્ટી પ્લોટ સામે, જ્યોતી વિદ્યાલયની બાજુમાં અમરાઇવાડી) એ તા.૧૫/૦૮/૨૦૨૬ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૨૬ સવારના ૯/૩૦ થી તા.૧૪/૦૮/૨૦૨૬ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૩૨,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૩૬/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ નટવરજી શેશાજી વણઝારા (ઉ.વ.૪૩)(રહે. ગાયત્રીનગર વસંતનગર ટાઉનશીપ ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૮/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

વસ્ત્રાપુરઃ વસ્ત્રાપુર ગામ, નાનો ઠાકોર વાસ ખાતે ભાડાના મકાનમાં રહેતા માનબહાદુર મલકે સારકી (ઉ.વ.૫૧)(મુળ વતન. ગામ–બુડાલી, અમરગઢી નગર પાલીકા જી.ડડેલ્ધુરા નેપાળ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાજલબેન ગોરધનભાઈ ચલાવે છે.

વેજલપુરઃ સોનલબહેન વા/ઓ કરણભાઇ ગાંગડીયા (ઉ.વ.૧૯)(રહે. ગુંજન એપાર્ટમેંટ, ગીરીરાજ સોસાયટી, આર.આર.ધ્રીવેદી સ્કુલની બાજુમા, વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાતા લેતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલ ખાતે લાવતા સાંજના ૬/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી "એમ" ડિવિઝન નાઓ ચલાવે છે.

ગોમતીપુરઃ અજયભાઇ ગોવિંદભાઈ પટણી (ઉ.વ.૩૨)(રહે.સાંઈનાથના છાપરા, રાયપુર મીલ ચાર રસ્તા પાસે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૬ બપોરના ૩/૦૫ વાગ્યાના સુમારે પોતાના મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનીલભાઇ સોનજીભાઇ ચલાવે છે.

નારોલઃ રંજનાબહેન વા/ઓ કોમલ બઘેલ (ઉ.વ.૩૨)(રહે. પૂજાનગર પ્રગતિનગરની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૬ સાંજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના મકાનમાં સીલીંગની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી